જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૪/૨૦૧૬ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૬/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૪૯ વ્યક્તિઓને ઝડપી, ૨૮૪ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૫ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગારધારા મુજબ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૩૯૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૭૬૭/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૭૬૮/૧૬**

**અમરાઇવાડી** : રીન્કુબહેન સદાભાઇ પરમાર (ઉ.વ.૧૫) (રહે.હાજરબીબીની ચાલી, મહેરૂનગરનાં છાપરાં, હાટકેશ્વર, અમરાઇવાડી) ને તા.૨૩/૪/૧૬ સવારના ૯/૩૦ વાગ્યાના સુમારે ઘર નજીક રહેતો આરોપી રાહુલ બળદેવભાઇ હડીયલ ઘર નજીકથી લલચાવી ફોસલાવી ભગાડી લઈ ગયો છે. આ અંગેની ફરીયાદ રીન્કુબહેનની માતા હંસાબહેન પરમારે અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ઓ.એમ.દેસાઇ ચલાવે છે.

ઘરફોડઃ- સમાચાર યાદી નં.૭૬૯/૧૬

સોલા હાઇકોર્ટ : સત્યનારાયણભાઇ જગન્નાથભાઇ મહેશ્વરી (રહે.અમનવિલા બંગ્લોઝ, હેબતપુર ગામ રોડ, નવા ફાયર સ્ટેશન સામે, થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૪/૧૬ રાતના ૨/૧૫ થી સવાર ૩/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં ધાબાનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ બેડરૂમમાંથી ચાંદીનાં દાગીના, ચાંદીના વાસણો અને લેડીઝ ઘડીયાળ નંગ-૮ મળી કુલ કિમત રૂપિયા ૧,૫૦,૦૦૦/- મત્તાની ચોરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી સી.એ.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

વેજલપુર (૧) : મહંમદઅલી બાબુભાઇ શેખ (રહે.હાજીબાવા પાર્ક, તવક્કલ ટી સ્ટોલની બાજુમાં, સરખેજ રોડ) એ તા.૨૪/૪/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૪/૧૬ બપોરના ૪/૦૦ થી તા.૧૯/૪/૧૬ રાતનાં ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોનાનાં દાગીના કિમત રૂપિયા ૫૧,૫૦૦/-, સિગારેટ કિંમત રૂપિયા ૨૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૭૩,૫૦૦/- મત્તાની ચોરી કરી, લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી બી.બી.કોડીયાસર ચલાવે છે.

(૨) રફીકઅહેમદ અકબરખાન પઠાણ (રહે.બાગેનુર સોસાયટી, મક્કા મસ્જીદની સામે, શાંતી નિકેતન સ્કુલ પાછળ, વેજલપુર) એ તા.૨૪/૪/૧૬ નારોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૪/૧૬ બપોરના ૪/૦૦ થી તા.૨૪/૪/૧૬ બપોરનાં ૨/૪૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી એશર કંપનીનું લેપટોપ કિમત રૂપિયા ૫,૦૦૦/-, સેમસંગ મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૧,૩૦,૦૦૦/- ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ. શ્રી બી.બી.કોડીયાસર ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૭૭૦/૧૬**

**“જે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** વિઠ્ઠલભાઇ ઝવેરભાઇ પટેલ (ઉ.વ.૯૩)(રહે.ગીરીવર બંગ્લોઝ, ઇસનપુર) તા.૨૪/૪/૧૬ ના કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે ઇસનપુર સમ્રાટનગર નાં ગેટ સામેથી રસ્તો ક્રોસ કરતાં હતા ત્યારે અજાણ્યા ટેમ્પાનાં ચાલકે, ટેમ્પો પુરઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, વિઠ્ઠલભાઇને ટક્કર મારતા, શરીરે ગંભીર ઈજાઓ થતા, સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલ લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ વિઠ્ઠલભાઇનાં પુત્ર ધનજીભાઇ પટેલે “જે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ અંગેની તપાસ પો.ઈ.શ્રી જે.એ.પ્રજાપતિ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૭૧/૧૬**

**મેઘાણીનગર** : **(૧)** કિરણભાઈ રમણભાઇ (રહે.બચુટકદની ચાલી, ચમનપુરા) એ અગમ્ય કારણસર તા.૨૪/૪/૧૬ ના કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે સાડી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી દિલીપસિંહ ગંભીરસિંહ ચલાવે છે.

**(૨)** દેબુબહેન શાવરમલ જાટ (રહે.શર્માજીની ચાલી, મેઘાણીનગર છેલ્લા બસ સ્ટેન્ડ પાસે, મેઘાણીનગર) એ પોતાની બીમારીથી કંટાળી જઇ તા.૨૩/૪/૧૬ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાનાં હુકમાં સાડી બાંધી, ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એમ.પટેલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)